
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ Vol. 18 No. 1

## 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભૂષિત થનાર
## બિપીનભાઈ શ્રોફ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# માનવવાદના સિદ્ધાંતોનું નિવેદન

પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ

* બ્રહ્માંડને સમજવા તેમ જ માનવીય સમસ્યાઓ હલ કરવા અમે તર્ક અને વિજ્ઞાન લાગુ કરવા માટે પ્રતિબદ્ધ થયેલા છીએ.
* માનવની બુદ્ધિમત્તા અવગણી પરખ તત્ત્વની દ્રષ્ટિએ વિશ્વની સમજૂતી આપવાના પ્રયત્નને કે મોક્ષની વિચારસરણીને અમે આવકારતા નથી.
* અમે વૈજ્ઞાનિક શોધો અને ટેકનોલોજી ક્રાંતિનો માનવ જીવનના વધુ સારા ભવિષ્ય માટે સ્વીકાર કરીએ છીએ.
* અમે બંધિયાર સમાજમાં નહીં, ખુલ્લા સમાજમાં માનીએ છીએ.
* માનવ અધિકારોના રક્ષણ માટે લોકશાહી રાજય વ્યવસ્થા શ્રેષ્ઠ હોવાનું અમે માનીએ છીએ.
* ધર્મ અને રાજય વચ્ચે સ્પષ્ટ વિભાજન હોવું જોઈએ. બંને વચ્ચે મેળાપીપણું હોવું ન જોઈએ.
* પરસ્પર સમજણ અને મતભેદોના ઉકેલ માટે સંવાદ અને સમાધાન આવકારીએ છીએ.
* વંચિતો અને અપંગોનું સમર્થન કરવામાં માનીએ છીએ કે જેથી તેઓ આત્મનિર્ભર બની શકે.
* ભાવિ પેઢીઓ માટે અને અન્ય જીવજંતુઓ પર અત્યાચારો અટકાવવા પૃથ્વીના સંરક્ષણ માટે પ્રયત્ન કરીશું.
* અમે જીવનનો આનંદ માણવામાં અને અમારી સર્જનાત્મક શકિતઓ ખીલવવામાં માનીએ છીએ.
* અમે ગુપ્તતાના અધિકારનો આદર કરીએ છીએ. પુખ્તવયના પરિપકવ લોકોને તેમનાં અરમાનો પૂરા કરવાની તક મળવી જોઈએ. યુવાનોને તેમની પસંદગીના પાત્ર સાથે લગ્નનો અધિકાર, મહિલાને પ્રસૂતિ બાબત પસંદગીના અધિકાર, આરોગ્ય અને ગૌરવપૂર્ણ મૃત્યુના અધિકારનું અમે સમર્થન કરીએ છીએ.
* અમે એકતા, પ્રામાણિકતા, સત્ય અને જવાબદારીમાં માનીએ છીએ.
* વિજ્ઞાન સાથે અમે કલાનો પણ આદર કરીએ છીએ.
* આપણે સમગ્ર વિશ્વના નાગરિકો છીએ અને વિજ્ઞાનની નવી શોધો આવકારીએ છીએ.
* પુરવાર નહીં થયેલ બાબતો વિશે અમે શંકાશીલ છીએ.અમે નવા વિચારો સ્વીકારવા ખુલ્લું માનસ ધરાવીએ છીએ.
* અમે નિરાશાના બદલે આશાવાદ, અજ્ઞાનતાના બદલે સત્ય, અપરાધભાવના બદલે આનંદ, ભયના બદલે સહિષ્ણુતા, ધિક્કારના બદલે પ્રેમ, સ્વાર્થના બદલે કરુણા, કરુણતાના બદલે સૌંદર્ય અને અંધશ્રદ્ધાના બદલે તર્કમાં વિશ્વાસ રાખીએ છીએ.
* માનવ તરીકે આપણે જે કાંઈ મેળવવા સક્ષમ છીએ, તેની શ્રેષ્ઠ મને પૂર્ણ પ્રાપ્તિ કરવામાં અમે માનીએ છીએ.

સત્યાન્વેષણ

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ



બી. એ. પરીખ

સુગીત પાઠકજી

સંપાદક મંડળ

મનસુખ નારિયા

જનક બાબરીયા

ડો. સુષ્મા અય્યર



| ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ | સળંગ અંક : ૩૮૬ | Vol. 18 No. 1 |
|---|---|---|


## રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષિત થનાર બિપીનભાઈ શ્રોફ


**–ડો. મિહિર દવે**

**મો. – ૯૪૨૮૯ ૬૯૨૬૧**


બિપીનચંદ્ર જગમોહનદાસ પરીખ એટલે કે મહેમદાવાદવાસી બિપીનભાઈ શ્રોફ સાહેબના નામથી ગુજરાતના રૅશનાલિસ્ટ મિત્રો જેમને ઓળખે છે. તેમનો જન્મ ૨૦ ડિસેમ્બર ૧૯૪૨ના રોજ થયો હતો. તેમણે ઈકોનોમિકસ સાથે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાથી કર્યું અને ત્યારબાદ એલ.એલ.બી. થયા. ગુજરાતની અમદાવાદની સરસપુર આર્ટસ કૉલેજમાં તેઓએ અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે સેવા આપી. રાવજીભાઈ પટેલ જેવા મૂર્ધન્ય ફ્રી થિંકર્સ અને રેશનાલિસ્ટ દ્વારા જેમનું માનસ અને ચેતના ઘડાયેલાં છે તેવા બિપીનભાઈએ વિદ્યાર્થીકાળમાં જ સ્પિરીટ ઓફ ઈન્કવાયરી અને ક્રિટિકલ થીન્કીંગની સંપૂર્ણ તાલીમ મેળવી. તેઓએ માનવવાદના પ્રચાર–પ્રસાર માટે ૧૯૯૫ થી ૨૦૧૩ સુધી અવિરત 'વૈશ્વિક માનવવાદ'ના તંત્રી તરીકેની ભૂમિકા ભજવી તેઓશ્રી સને ૧૯૮૪ થી ૧૯૮૭ દરમિયાન ગુજરાત મુંબઈ રેશનાલિસ્ટ એસોસિએશનના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂકયા છે. **ગોધરાના તા. ૩૧–૧૨–૨૩ના રોજ રેશનાલિસ્ટોના મળેલા સંમેલનમાં બિપીનભાઈને પુનઃ પ્રમુખપદનો તાજ પહેરાવવામાં આવ્યો છે.** તેઓશ્રીની

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

આગેવાની હેઠળ એસોસિએશન સિદ્ધિના નવા સોપાન સર કરશે એનો મને વિશ્વાસ છે. તેમણે ૨૧ મી સદીની વિચારસરણી 'વૈશ્વિક માનવવાદ' નામનું પુસ્તક લખ્યું છે. તે ઉપરાંત 'કલેકટેડ વર્કસ ઓફ રાવજીભાઈ પટેલ' ત્યારબાદ 'બાબાસાહેબ આંબેડકરનો વારસો' જેના મૂળ લેખક લૉર્ડ ભીખુ પારેખ છે. જેનો તેમણે ભાવાનુવાદ કરેલો છે. આ ઉપરાંત માનવવાદી વિચારસરણી ઉપર ઘણા લેખો અને પ્રવચનો તેમણે આપ્યાં છે. you tube ચેનલ અને બ્લોગ ઉપર તેમના લેખો અને પ્રવચનો ઉપલબ્ધ છે. તેઓએ અમેરિકા અને કેનેડાનો વિદેશ પ્રવાસ કરીને આંતરરાષ્ટ્રીય માનવવાદ પરિષદોમાં ભાગ લીધો છે. ઈન્ડિયન રેડિકલ એસોસિએશન દ્વારા આયોજિત લગભગ બધી જ રાષ્ટ્રિય પરિષદોમાં તેમણે ભાગ લીધો છે. અમેરિકન એથીઈસ્ટ એસોસિએશન આયોજિત કોન્ફરન્સમાં ડૉકટર રિચાર્જ ડોકિંગ સાથે ભાગ લીધો હતો. તેમનો દિકરો શેખર અમેરિકામાં કોમ્પ્યુટર એન્જિનિયર છે. દીકરી ગાર્ગી એમ.એ., એમ.એડ. છે. અમદાવાદની અંગ્રેજી મિડીયમ સ્કૂલમાં પ્રિન્સિપાલ છે. પત્ની જ્યોતિબેને એમ.એ; એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાંથી કર્યું છે અને એલ.એલ.બી છે.

મહેમદાવાદ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજની સ્થાપનાથી લઈને તેને ગ્રાન્ટ ઈન એઈડ કૉલેજ બનાવવા સુધી બિપીનભાઈએ અપાર સંઘર્ષો કર્યા. કૉલેજ માટે શરૂઆતને તબકકે રૂપિયા એક કરોડ તે સમયે એકત્ર કરવામાં સફળ થયા. શૈક્ષણિક સ્ટાફની પસંદગી શ્રી બિપીનભાઈએ સંસ્થાના Executive Chairman હોવાને કારણે સંપૂર્ણ મેરિટ અને યુનિ.ના ધારાધોરણ પ્રમાણેનો, પૂરો પગાર મળે જ તેવું આયોજન તેમણે કર્યું. સને ૧૯૯૭ના જૂન માસથી ગુજ. યુનિ. સાથે વિધિસરનું જોડાણ મેળવ્યું. માણેક ચોક બેંક આર્ટસ અને મહેમદાવાદ અર્બન બેંક કોમર્સ કૉલેજ શરૂ થઈ. આજે આશરે ૧૭ વર્ષ પછી ૭૦૦ બહેનો અને ૮૦૦ ભાઈઓ આર્ટસ, કોમર્સ અને બી.એડ.માં ભણે છે. ગુજરાત સરકારે પરવાનગી આપતા લખાવી લીધેલું કે, 'અમારી સંસ્થા કયારેય ગ્રાંટની માંગણી નહિ કરે.' તે સમયના સાંસદ ભાઈ દીનશા પટેલના સહકારથી સરકાર જે કહે તે લખી આપ્યું. પછી ઘણા બધા શુભેચ્છકોના સહકારથી ખબર પડી કે ગુજરાત સરકારે આ કૉલેજ જેવી જ સોગંદવિધિ કરી/કરાવી ત્રણેક કૉલેજોને ગ્રાંટેબલ બનાવી છે. જે ત્રણ કૉલેજોને સ્પેશિયલ જી.આર. બનાવી ગ્રાંટેબલ બનાવી, તે બધા જ જી.આર. મળ્યા. આમ, બિપીનભાઈની આગેવાની હેઠળ કૉલેજને અનુદાનિત જાહેર કરવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આધાર લઈને હાઈકોર્ટમાં દાવો માંડયો. કોર્ટે બે

(અનુસંધાન પાના નં.–૪ ઉપર)

# 'ખૂણો પાળતી' બિનસાંપ્રદાયિકતા

**–તંત્રી લેખ**

મોટા ભાગના ધર્મો મહિલા વિરોધી છે. કોઈક ધર્મે સંખ્યાબંધ મહિલાઓને 'ડાકણ' જાહેર કરીને કમોતે મારી નાંખી. કોઈક ધર્મે એને બુરખામાં ઢાંકી સમાજથી અલિપ્ત કરીને એના પર અસહ્ય જુલમો ગુજાર્યા. કોઈક ધર્મે નારીને 'નર્કની ખાણ' જાહેર કરી, એના સમગ્ર જીવન દરમિયાન અપમાનિત કરી. ભયંકર શોષણ કર્યું. કોઈક ધર્મે પોતાનાં શારીરિક–માનસિક કારણે અને વ્યાધિથી મરી ગયેલા પતિના મોત માટે પત્નીને જવાબદાર ઠેરવી એને સળગતી ચિતામાં જીવતી બાળી નાંખી. જો મહેરબાનીની રાહે જીવતી રાખી હોય તો એને સમાજથી અલિપ્ત રાખી એને ઘરના એક ખૂણામાં જ બેસી રહેવાની સજા ફટકારી. એ 'ખૂણો પાળતી' થઈ ગયેલી. એ કુટુંબના અને સમાજના અન્ય પુરુષોનું સેકસ રમકડું બની ગઈ. ભર્યા કુટુંબમાં એને એકલતાનાં અકલ્પનીય દુઃખ પહોંચાડયા. આવા ધર્મોને મહિલાઓ જળોની જેમ વળગી રહે છે તે સમાજશાસ્ત્રીઓ માટે અજાયબી અને ચિંતાનો વિષય છે.

આવું જ કંઈક વિચારધારાઓના સંસારમાં બિનસાંપ્રદાયિકતાનું થયું છે. આ જ ધર્મોને કારણે આપણા દેશમાં સાંપ્રદાયિકતાનું જાણે કે 'ગાંડપણ' શરૂ થયું છે ! ચોક્કસ ધર્મના અનુયાયી હોવું અને એ ધર્મને નામે જ ખાસ તો બિનસાંપ્રદાયિકોના ઉપાલંભ કરવા, એમને બોલતા જ બંધ કરી દેવા અને એમને એક યા બીજી કાનૂની ગૂંચમાં ફસાવી દેવાનું ખૂબ વ્યવસ્થિત ષડ્યંત્ર કામ કરતું થયું છે. રાજ્ય માટે બધા ધર્મો, નાસ્તિકતા અને રેશનાલિઝમ બધાં સરખા છે. રાજ્યે કોઈ એક ધર્મની તરફદારી અને અન્ય કોઈ ધર્મનો વિરોધ કરવાનો નથી. બિનસાંપ્રદાયિકતા હેઠળ રાજ્યે આ કરવાનું છે. ચોક્કસ ધર્મના લોકો રાજ્યની તરફદારી મેળવવા માગે છે. ચોક્કસ ધર્મના સત્તાધારીઓ એવી તરફદારી રાજય તરફથી થાય તે ઈચ્છે છે. આ બેની સાંકળ તૈયાર થઈ ગઈ છે અને રાજ્યે ચોકકસ ધર્મની મોટા પાયા પર તરફદારી શરૂ કરી દીધી છે. એક વિચારધારા તરીકે બિનસાંપ્રદાયિકતા તેમાં આડખીલી બને છે.

બિનસાંપ્રદાયિકતા થકી જ આખા દેશને એક રાખી શકાય. બધા જ ધર્મોના અનુયાયીઓ, નાસ્તિકો અને રેશનાલિસ્ટોને દેશ પોતાનો લાગે. પોતે ચોક્કસ ધર્મ અને વિચારધારામાં માને છે અને પોતે દેશના બધા કાયદાઓને નિષ્ઠાપૂર્વક પાળે છે. તેથી એણે કોઈનાથી ડરવાનું રહેતું નથી. બિનસાંપ્રદાયિકતાને કારણે જ દેશની સુરક્ષા, દેશનો વિકાસ અને ભાઈચારો વધે. કોઈપણ દેશ અને છેવટે દુનિયાએ જો લોકોના કુલ આનંદમાં વધારો કરવો હોય તો એણે બિનસાંપ્રદાયિકતા અપનાવ્યે જ છૂટકો.

જેઓ પોતાના ધર્મની શ્રેષ્ઠતામાં માને છે અને તે શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે રાજ્યનો ઉપયોગ કરવા માંગે છે એમણે સૌથી પહેલાં તો બિનસાંપ્રદાયિકોને બદનામ કરવા, મૂંગા કરવા અને દોષિત ઠેરવવા પડે. એ ખૂબ વ્યવસ્થિત રીતે અમલમાં મૂકાઈ ગયું છે. આથી જેઓ દિલથી બિનસાંપ્રદાયિકતામાં માને છે તેઓ પણ પોતાની સલામતી સાચવવા માટે બોલતા નથી. વિસ્ફારિત નયનોથી મૂંગા મૂંગા સાંપ્રદાયિકતાના ફેલાવવામાં આવતા ઝેરને નિરખી રહ્યા છે અને સહન પણ કરી રહ્યા છે. બિનસાંપ્રદાયિકતા શબ્દ સમયના ખૂબ ટૂંકા ગાળામાં 'ગંદી ગાળ' જેવો થઈ ગયો છે. વિચારધારાઓના સંસારમાં એ એકલવાયી થઈ ગઈ છે. દેશના બધા જ ખરાબા માટે બિનસાંપ્રદાયિકતાને જવાબદાર ઠેરવવાનું શરૂ થઈ ગયું છે પેલી મહિલા કે જેનો પતિ મરી ગયો તેના મોક્ષ માટે જવાબદાર ઠરે છે તેમ બિનસાંપ્રદાયિકતાને દેશના ખરાબા માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. પેલી મહિલા કે જેને 'ખૂણો પાળવો' પડે છે તેમ બિનસાંપ્રદાયિકતા પણ આજકાલ 'ખૂણો પાળે' છે. પેલી મહિલા જેમ બધાના સેકસનું રમકડુ બને છે તેમ બિનસાંપ્રદાયિકતા બધાના કોઈને કોઈ દૂષણને ફેંકવા માટેની 'કચરા પેટી' બની ગઈ છે.

રેશનાલિસ્ટોએ ખૂબ ધીરજ રાખવાની છે. બિનસાંપ્રદાયિકતા સબબે જે કંઈ થઈ રહ્યું છે તે ખોટું છે એ બાબતને પોતાની યથાશકિત મતિ અનુસાર જેટલાને સમજાવી શકાય તે સમજાવાનું છે. ખાસ તો પોતે કોઈ કાનૂની ગૂંચમાં ફસાઈ નહી જાય તેની કાળજી રાખવાની છે. અત્યારે તો 'શાંત ક્રાંતિ'ની જ હિમાયત કરવી પડે.

---

**(ચાલુ પાના નં.-૨નું)**

માસમાં પુરું અનુદાન આપવાનો હુકમ કર્યો, છતાં એનો સરકારે અમલ નહિ કર્યો. આથી બિપીનભાઈની આગેવાની હેઠળ 'અદાલતની અવમાનના'નો દાવો માંડવામાં આવ્યો. મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત નિષ્ફળ નીવડી. બીજી બાજુ અધ્યક્ષે સ્થાનિક ભાજપના ધારાસભ્ય દ્વારા અનુદાન માટે પ્રયત્નો શરૂ કર્યા. કોર્ટનું પરિણામ આવે તે પહેલા ચેરમેને બિપીનભાઈની કોલેજમાંથી રીતસરની હકાલપટ્ટી કરી. ભાજપની આંખમાં કણાની જેમ ખૂંચતા બિપીનભાઈનો ભોગ લીધા બાદ કૉલેજને અનુદાન આપવાનું શરુ થયું.

આમ, જાહેર સેવામાં આવા અનેક સંઘર્ષો બિપીનભાઈએ વેઠયા છે. આ બધાની વચ્ચે પણ એમણે રેશનાલિઝમનો રાહ છોડયો નહિ. મારા જેવા અનેકને એ રાહે ચઢવાનું માર્ગદર્શન તેઓ આપતા જ રહ્યા છે. આવા અમારા વડીલ બિપીનભાઈ હજી ને હજી લાંબા સમય સુધી રેશનાલિઝમના ક્ષેત્રે જ્યોતિર્ધર બને એવી શુભકામના.

# બેવડું વ્યક્તિત્વ !!

**પ્રેષક : એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એમના નિધન પૂર્વે એમણે જે લેખ મોકલ્યા છે તે અમે પ્રસિદ્ધ કરી એમની યાદ તાજી રાખીશું. –સૂ.)**

કોઈક અલૌકિક શક્તિના અસ્તિત્વનો સ્વીકાર કરનારા બુદ્ધિજીવી વિદ્વાનો બહુધા પોતાના ધર્મને તેઓ પરંપરાગત પ્રચલિત ધર્મને બદલે પોતાનું કર્તવ્ય, પોતાની ફરજ, પોતાની જવાબદારી તરીકે રજૂ કરતા હોય છે ત્યારે પોતાના જન્મજાત મળેલા પારંપરિક ધર્મને જ તેઓ માને છે એવું સ્પષ્ટીકરણ કેમ કરતાં નથી ? એનો અર્થ એમ થાય કે એક તરફ તેઓ પોતાના વારસાગત પ્રચલિત ધર્મને વળગી રહે છે અને બીજી તરફ ધર્મ અંગેની પોતાની અંગત વિભાવના પણ પ્રબળતાથી પ્રગટ કરે છે. આમ તેઓ એક જ સમયે બે ઘોડા પર સવારી કરીને અથવા બેવડું વલણ અખત્યાર કરીને દંભ કરે છે. તેઓ પોતાને અને અન્યને છેતરે છે. જો તેઓ પોતાનાં કર્તવ્ય, ફરજ અને જવાબદારીને જ ધર્મ માનતા હોય તો પારંપરિક વારસાગત ધર્મને તેઓ ત્યજી કેમ દેતા નથી ? અને પોતાને હિંદુ, પારસી, શીખ આદિથી કેમ ઓળખાવવાનું ચાલુ રાખે છે ?

તાત્પર્ય એ છે કે ધર્મના વિષયમાં દંભ આચરનારા આવા બુદ્ધિજીવીઓ ઈશ્વરના વિષયમાં પણ કદાચ દંભ જ આચરે છે. અર્થાત્ તેઓ જ્યારે એમ કહે છે કે કોઈક અલૌકિક શક્તિ તો છે, ત્યારે તેમનો આશય પોતાના પરંપરાગત ધર્મના ઈશ્વર અને દેવી–દેવતાના અસ્તિત્વ સ્વીકારનો અથવા તેના આડકતરા બચાવનો દાવો તેમાં અવશ્ય હોવાની સંભાવના છે.

આ બુદ્ધિજીવીઓ જ્યારે એમ કહે છે કે મારું કર્તવ્ય, ફરજ અને જવાબદારીને પ્રમાણિકતાથી નિભાવવી એ મારો ધર્મ છે, ત્યારે એ બુદ્ધિજીવીઓ સમાજને ધર્મ અને ઈશ્વરના બહાના તળે જૂઠ, અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં ફસાવી તેને તન–મન–ધનથી લૂંટનારા તત્વોથી સમાજને જાગૃત કરી તેને બચાવવાનો પ્રયાસ કરવો એ પણ મારો ધર્મ છે, એવું તેઓ કેમ માનતા નથી ? શું કોઈ પણ વ્યક્તિનો ધર્મ માત્ર પોતાના કુટુંબ યા નોકરીના ક્ષેત્ર પૂરતો જ મર્યાદિત છે ? સમગ્ર સમાજ પ્રત્યે એનો કોઈ ધર્મ નથી ?

વાસ્તવિકતા કદાચ એ છે કે ઈશ્વરવાદી યા આસ્થાળુ યા આસ્તિક બુદ્ધિજીવી વિદ્વાનો બહુ દંભી હોય છે. પ્રતિષ્ઠા, ખ્યાતિ અને કદાચ પૈસા ખાતર તેઓ ધર્મ અને ઈશ્વર વિશે મોટી–મોટી વાતો કર્યા કરે, પરંતુ અંદરખાને પોતાના સંકુચિત પારંપરિક ચોકઠામાંથી બહાર નીકળવાની ક્ષમતા, શક્તિ યા ઈચ્છા તેઓ રાખતા હોતા નથી, અર્થાત્ વાસ્તવમાં તેઓ કાયર–ભાગેડુ હોય છે.

# હોકિંગનું માર્ગદર્શન

શું આપણે શોધી શકીશું કે બીગ બેન્ગ બનાવ થયો ત્યારે શું બનેલું ? પૃથ્વી પર જીવન કેવી રીતે પાંગર્યું તે આપણે સમજી શકીશું. સચરાચરમાં કોઈક જગ્યાએ જીવન પાંગર્યું છે કે કેમ તે પણ આપણે જાણી શકીશું. અલબત્ત, એવા કોઈ જીવ મળે તો એમનામાં આપણા જેવું મગજ અને તેનાંથી નિષ્પન્ન થતી બુદ્ધિ હોય એવું હમણાં તો લાગતું નથી. ભલે એવો બુદ્ધિશાળી જીવ નહીં મળે, પરંતુ આપણે સતત પૃથ્વી બહાર આપણી વસાહતો નાંખી શકીએ કે કેમ, ત્યાં જઈને આપણે બધાં રહી શકીએ કે કેમ તે શોધતા રહેવું જોઈએ. જો એવું કશુંક રહેવાનું મળે તો આપણે જ બગાડી મૂકેલી, ગંદી અને પ્રદૂષિત આપણી પૃથ્વીને છોડતા જવું જોઈએ. પૃથ્વીની બહાર રહીને પૃથ્વીને પ્રદૂષણ મુક્ત અને શુદ્ધ બનાવવાના પ્રયત્નો કરવા જેઈએ. મુદ્દો એ છે કે આપણે પૃથ્વી પર આરોગ્યમય જીવન સાથે જીવીએ તેવી પરિસ્થિત રહેવાની નથી. આમને આમ ચાલશે તો સમગ્ર જીવસૃષ્ટિ તો પછી, પહેલા માનવજાત સાફ થઈ જશે. આથી અહીંથી ભાગો. અન્ય રહેવા લાયક ગ્રહ શોધો અને રહેવા ચાલ્યા જાઓ !

આપણે આપણો સર્વનાશ કરી શકીએ એટલી ટૅકનોલૉજીકલ શક્તિ આપણે પ્રાપ્ત કરી લીધી છે. આથી જ અત્યાર સુધી જેટલી જરૂર આપણને ટેકનોલૉજીકલ શક્તિની છે એના કરતાં ઘણી વધારે જરૂર આપણને વિવેકબુદ્ધિવાદની છે. ખાસ કરીને આપણા બધા જ રાજકારણીઓ સો ટકા વિવેકબુદ્ધિવાદી હોવાનું અનિવાર્ય બની ગયું છે કારણ કે આ ટેકનોલૉજીકલ શક્તિના ઉપયોગનું બટન એમના અંગૂઠા નીચે છે.

હોકિંગ જણાવે છે કે ટેકનોલૉજી કેટલા બધાં સુખ અને સગવડ આપે છે તે મારા તરફ અને મારા જીવન પરત્વે જુઓ. હું કોમ્પ્યુટર મારફતે બોલુ છું. મારી માંદગીએ મારા અવાજને જ હણી દીધો છે. ટેકનોલૉજીએ મને 'બોલતો' કર્યો છે ! એ તો બહુ સારું થયું કે ગણતરી કરવાની અક્કલ કુદરતી રીતે બધાને મળે તેમ મને મળે તે ઉંમરે જ મારો અવાજ ગાયબ થઈ ગયો ! પરિણામે નાની ઉંમરથી જ હું ટેકનોલૉજીને સહેલાઈથી અનુકૂળ થઈ ગયો. જુઓને આજે પચ્ચીસથી પણ વધારે વર્ષોથી મને ગમતી બધી જ

પ્રવૃત્તિઓ  વિજ્ઞાન, ટેકનોલોજી, ઈન્ટરનેટ વગેરેના ટેકાથી હું કરું છું. ચાલો ટેકનોલૉજીને આવા માનવ કલ્યાણ માટે ઉપયોગમાં લઈએ અને સર્વનાશથી બચીએ.

વિજ્ઞાન અને ટેકનોલોજીની સમજ, એમાં કરવાનાં સંશોધનો અને તેના ઉપયોગો જો મુઠ્ઠીભર માણસોના હાથમાં રહેશે તો તે સમગ્ર માનવજાત માટે બહુ મોટો ખતરો બનશે. એનું લોકશાહીકરણ થવું જ જોઈએ. તો જ જ્યારે આપણી વિરુદ્ધમાં અને આપણા સર્વનાશ માટે જે કોઈ ટેકનોલૉજીનો ઉપયોગ કરશે તો આપણે તે અટકાવવા માટે સશક્ત બનીશું.

આજથી ત્રીસ વર્ષ પૂર્વે હોકિંગે ઈલેકટ્રિક મોટરો–સ્કૂટરો વાપરવાની ભલામણ કરેલી. પ્રદૂષણરહિત ઉર્જા મેળવવી અને વાપરવી શક્ય છે તે તેઓ વારંવાર જણાવતા. અન્ય વિકલ્પો શોધાય ત્યાં સુધી અણુવિદ્યુતનું જ વધારે સર્જન–વપરાશ કરવાના તેઓ હિમાયતી હતા. આજે આપણે જોઈએ છીએ કે ઈલેકટ્રિક વાહનો રસ્તા પર દોડતા થઈ ગયા છે. સલામ હોકિંગને !

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રૅશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતી–ભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# 'ચાર્વાક' (નવલકથામાંથી) સાભાર

–કલ્પેશ પટેલ

જે જીવ મરે છે, એનું જીવન પૂરું થઈ જાય છે. જે કાંઈ છે તે દેહ છે, મા ! એને સ્મશાનગૃહમાં જઈને બાળી આવ્યા પછી ન સ્વર્ગ, ન નરક, ન આત્મા !

* * *

પિતાજી અને માતાજી ! તમે મને બોલો કે વઢો છો, એમાં હું તમારો દોષ જોતો નથી. તમારે સ્થાને હું હોઉં તો પણ એમ જ વિચારું ને તમને બલકે આપણને સૌને યુગોથી પ્રાપ્ત થયેલા સંસ્કાર આપણને વિશેષ રીતે વર્તવા પ્રેરે છે.

* * *

પુનર્જન્મની કલ્પના કરનાર મનુષ્ય મારી જેમ આ જગતને ચાહનારો હશે ! એક અવતારથી એને સંતોષ નહિ થયો હોય, એને અસંતોષ રહી ગયો હશે. પુનઃ આ સૃષ્ટિ પર આવવાની લાલસામાંથી આ પુનર્જન્મની કલ્પના એણે કરી હશે.

* * *

આસ્તિક હોવાથી ઉત્તમ મનુષ્ય થઈ જવાતું નથી લક્ષ્મણદાસ ! શ્રુતિને અંધ થઈને પૂજનારા કરતાં એને સમજીને વાંચીને શંકા કરનારો મારા મતે અધિક જ્ઞાની છે.

* * *

''એટલે ? એટલે આપ એવી કોમલ વયે....સ્મશાનમાં ગયા ? અને એ પણ રાત્રે ?'' કમલાએ પૂછ્યું, એના લંબગોળ સુરૂપ મુખ પર ભય, આશ્ચર્ય અને જિજ્ઞાસાના સંમિશ્ર ભાવો હતા. બૃહસ્પતિએ વિચલિત થયા વિના આગળ ચલાવ્યું : 'હા, મારી જિજ્ઞાસા જ એવી હતી કે, મેં સ્મશાન ભણી દોટ મૂકી. વિલંબ થાય તો ઘરનાં મને શોધે અને ધમકાવે એવી બીક હતી. સાચું કહું, તો મને ભૂતની નહિ, ઘરનાની બીક હતી !''

* * *

ભય જ્યાં દેખાય છે ત્યાં નથી, ભયની ગ્રંથિ આપણી ભીતર છે, સહજ પણ ! પ્રાયઃ ભય અજ્ઞાનમાંથી જન્મે છે તેમ કવચિત્ એ જ્ઞાનમાંથી પણ જન્મે છે !

* * *

મંચ પર સુંદર નાટક ભજવાઈ રહ્યું હતું. જેમાં ત્રણ નર હતા. એક બ્રાહ્મણ, બીજો ક્ષત્રિય અને ત્રીજો વૈશ્ય....! એકબીજાના પૂરક ! એકમેકના હિતરક્ષક ! પરસ્પરની મૂક સમજ.... મૂક સમાધાન !... આ ત્રણેય એકત્ર મળીને પ્રજાને ઈશ્વર અને પરલોક વિશે

વાર્તાઓ સંભળાવશે...! પ્રજા એમનાં વચનને બ્રહ્મવાક્ય ગણીને ચાલશે... હા ધિક્ ! પ્રજાનું કોણ છે ?... ન રાજા, ન પંડિત, ન શ્રેષ્ઠી !...

* * *

કળા મનુષ્યને સુકોમલ બનાવે છે. સ્થૂળ નહિ, સૂક્ષ્મનો મહિમા સમજાવે છે.

* * *

પૃથ્વી પર જે મનુષ્યને ભૌતિક સુખોની પ્રાપ્તિ થતી નથી, એના મનોસંતોષ અર્થે સ્વર્ગની આકર્ષક કલ્પના કરવામાં આવી છે.

* * *

શાસ્ત્રોના અભિપ્રાયો ? હું સમજ્યો નહિ...શાસ્ત્રોના તો સિદ્ધાંત હોય. જે તપાસાયેલા હોય, તેમાં શંકા ?

* * *

ઈશ્વર હોય તો વેદજ્ઞાન આપે ને ? વેદોને માન્ય ઠેરવવા અર્થે મુનિઓએ એવી ઘોષણા કરી છે કે વેદ ઈશ્વર પ્રબોધિત છે.

* * *

રાજનીતિ ભયાનક વસ્તુ છે. ધર્મ નીતિ અને દર્શન પણ એને અનુસરે છે.

* * *

વેદજ્ઞ રાજપંડિત ગૌતમપાદજી અલ્પાવધિમાં પણ કમલાથી અંજાઈ ગયા હતા. પોતે વિલંબથી આ રમણીના સંપર્કમાં આવ્યા એ માટે તેઓ પોતાના ભાગ્યને દોષ દઈ રહ્યા હતા. અનવધાનમાં અને જ્યારે તેઓ તંદ્રામાં હોય ત્યારે તેમને થતું કે, પેલો મૂઢમતિ બ્રાહ્મણ સત્યવાદી છે. સાચું સ્વર્ગ તો કમલાદેવી જેવી ભુવનમોહના સુંદરીના આલિંગનમાં છે. મારું પાંડિત્ય વ્યર્થ છે...!

* * *

'સ્વામી કે દાસ જેવા મનુએ ઊભા કરેલા ભેદ તારી ચેતના સ્વીકારતી નથી એ હૃદ્ય પ્રસંગ છે...

* * *

"હા, ગુરુ ઉત્તમ રીતે શિક્ષણ આપતા હતા. પરંતુ એનાથી વિરુદ્ધનો પ્રશ્ન તેમને ના તો સ્વીકાર્ય હતો, ના આવકાર્ય ! તેમની શ્રદ્ધા હતી કે, વેદ ઈશ્વરપ્રબોધિત છે, વેદજ્ઞાન પ્રમાણભૂત છે. વેદમાં સંશય ન કરાય. જે મનુષ્ય શાસ્ત્રોના પ્રબોધમાં શંકા કરે છે તેનો નાશ થાય છે, એવો ભય પણ દર્શાવતા.

* * *

તને આશ્ચર્ય થશે વસ્તુતઃ આર્યપ્રજા પશુપાલક હતી, ગોપજીવન હતું – સામૂહિક જીવન પણ ! આજે બ્રાહ્મણો જેને ઈશ્વરપ્રબોધિત 'શ્રુતિ' કહે છે તે વાસ્તવમાં ગોપજીવનનાં લોકગીતો છે ! જ્યારે અક્ષર–બોધ નહોતો. તેથી આ ગીતો સમૃતિને આધારે પછીની પેઢી સુધી જતાં પરિણામે એ 'શ્રુતિ' તરીકે ઓળખાતાં !

* * *

જ્ઞાનથી પણ ઉપર વિજ્ઞાન છે એમ મને લાગવા માંડયું હતું. વિજ્ઞાન હજુ વિકસી રહ્યું છે, જ્યારે સંપૂર્ણ વિકસી જશે ત્યારે ધર્મની ધુરાના વાહક બ્રાહ્મણોની સઘળી માન્યતાઓનું ખંડન થઈ જશે, એમ હું માનવા લાગ્યો હતો.

* * *

ધર્મની માન્યતા અને માનવીનું મન બે સામસામા અંતિમો છે, એમ મને લાગ્યું.

મારા અપરિણિત ને બાળબ્રહ્મચારી ગુરુ સંધ્યાકાળે ઝાડીમાં દેહસુખ માણી રહ્યા હતા. મારે એમને વિક્ષેપ ન કરવો જોઈએ. એમને આ લોકનું સ્વર્ગસુખ મહાપ્રયત્ને પ્રાપ્ત થયું છે, તસ્કરી દ્વારા સમસ્ત જીવનપર્યન્ત તેમણે આત્મા – પરલોક ને સ્વર્ગના ચૂંથણાં ચૂંથ્યાં છે, જેનાથી ત્રસ્ત થઈને હવે તેઓ ભૌતિક જ્ઞાન પાસે આવ્યા છે. ના ! મને ગુરુ પ્રત્યે જરાપણ તિરસ્કાર ન થયો, અભાવ પણ નહિ ! ગુરુ પણ શું કરે ? જે શુકપાઠ તેમને ભણાવવામાં આવ્યો હતો, એ જ પાઠ તેઓ અમને ભણાવતા હતા. મને તો એ વાતનો સંતોષ હતો કે, હું સાચો હતો ! મારું દર્શન યોગ્ય દિશાનું વાસ્તવિક દર્શન હતું.

* * *

સત્યનું મુખ સુવર્ણમયી પાત્ર થકી આચ્છાદિત છે ! તારો વિરોધ થશે, તારી પર આઘાત થશે, આક્રમણ થશે ! કારણ કે, અસત્યનું જૂથ વિરાટ હશે !

* * *

ધન, સત્તા અને ભોગ સૌને પ્રિય છે ! માત્ર ઈશ્વર અને પરલોકની કથા, વાર્તાઓ કરવાથી આ સઘળું પ્રાપ્ત થતું હોય તો કોઈ શા સારું એ ભ્રમને પોષવાની પ્રવૃત્તિ ન કરે ?

* * *

મારી પાસે તો આત્મશ્રદ્ધાનો વિકલ્પ નથી... ન તો કોઈ ચમત્કારિક શક્તિ ! ના તો હું સહુને એમના કર્મનો દોષ ગણીને ત્યજી શકું છું... હું જાણું છું કે, વિપત્તિ એ જીવનનો જ એક ભાગ છે. એને સર્વથા દૂર કરી શકાય નહિ, પરંતુ એની તીવ્રતા ન્યૂન કરી શકાય.

* * *

વૈદિકો કહે છે કે, વિશ્વની કોઈપણ ઘટના ઈશ્વરેચ્છાને આધિન છે. તો, શું આ ભયાનક ભૂકંપ પણ ઈશ્વરની જ ઈચ્છા હશે ? તો, ઈશ્વર ક્રૂર પણ હશે ? નિર્દય પણ ?

* * *

શું ઈશ્વર પણ આપણા જેવો જ સ્વાર્થી, ઈર્ષ્યાળુ અને દુષ્ટ હશે ? અસહાય વૃદ્ધો અને નિર્દોષ બાળકોને પીડા આપવામાં એનું કયું ઐશ્વર્ય સિદ્ધ થતું હશે ?

* * *

જીવનમાં વૈચારિક રીતે પ્રતિબદ્ધ રહીને જીવવાનું કેટલું દુષ્કર છે !...સ્વજનોના સ્નેહને પણ ગુમાવવાનો આવે.

* * *

મારું તો એમ માનવું છે કે, આ જગત માયા નથી, સત્ય છે કારણ કે, તે આંખથી જોઈ શકાય છે, સ્પર્શ દ્વારા સંવેદી શકાય છે. કર્ણ દ્વારા આ જગત પરના અવાજો સાંભળી શકાય છે. આ જગતને આપણે મિથ્યા ગણીએ અને જેનું આપણી પાસે પ્રત્યક્ષ પ્રમાણ નથી તે ઈશ્વરને આપણે સત્ય માનીએ તે કેવું ?

તમે ઈશ્વરને સ્વીકારતા નથી. તો પછી આ જગતનું નિર્માણ શી રીતે થયું માનો છો ?

—ચાર મહાભૂતોમાંથી. પૃથ્વી, જલ, વાયુ અને અગ્નિ. આ ચાર મહાભૂતોમાંથી આપણો દેહ ઘડાયો છે. દેહ અને આત્મા ભિન્ન નથી. જેને પરંપરા જીવ કે આત્મા ગણે છે તે 'દેહ'નું જ કાર્યરત સ્વરૂપ છે. કાળક્રમે દેહ નાશ પામે છે તે સાથે કથિત જીવંત તત્ત્વ પણ વિલીન તઈ જાય છે !

* * *

—''તમારા વિચારો અનૈતિકતાનો અને અરાજકતાનો પ્રચાર કરે છે, એવું નથી લાગતું ?'' રાજાને આ વાર્તાલાપ ગમ્યો હતો. બૃહસ્પતિના આત્મવિશ્વાસ સાથેના તર્ક તેમને પ્રભાવિત કરી રહ્યા હતા.

—એવો પ્રચાર મારા દર્શનને ખંડિત કરવા જ નહિ. નામશેષ કરવા કરાવવામાં આવી રહ્યો છે. 'સત્ય' ને સહન કરવું દુષ્કર હોય છે, મહારાજ ! વાસ્તવમાં તો હું 'સમાજ' જેવી સંસ્થાનો સ્વીકાર કરું છું. હું સ્વચ્છંદતાનો સમર્થક નથી. હું તો એમ માનું છું કે, જે કંઈ છે, તે આ દ્રશ્ય ને ભૌતિક જગત છે.

* * *

'ધર્મ ને પરલોકને નામે મતાગ્રહતા, સ્વાર્થ, નિવૃત્તિપરાયણતા ને ભાવુકતાનો જ પ્રચાર થાય છે. 'આપણા દૈવમાં જે લખ્યું છે તે થવાનું જ છે.' એમ માનીને મનુષ્ય અકર્મણ્ય બની જશે. શું એ યોગ્ય છે ?

* * *

એને આનંદ એ વાતનો થયો કે, પ્રથમવાર કોઈએ તેને ધૈર્યપૂર્વક સાંભળ્યો હતો. પોતાની પરંપરાથી ભિન્ન વિચારધારાને સાંભળવા જ કોઈ સમ્મત ન થતું. સૌને એના વિચારો આસુરી જ લાગતા અને આસુરી વિચારો એટલે કેવળ ભોગ–લાલસાના વિચારો ! વાસ્તવમાં ભોગ–લાલસાની વિચારસરણી તો દેવોની છે. જે ધૃતદુગ્ધ ખાઈ–પીને ચિરયૌવનાર્થે વલખે છે. જેમને પ્રતિદિન મદ્ય જોઈએ છે પીવા માટે ! અને સ્ત્રી, સુંદર સ્ત્રી તેમની નિર્બળતા છે.

* * *

જેની પાસે અર્થ, સમૃદ્ધિ છે તે 'દેવ' થઈ જાય છે અને જેના જીવનમાં દૈન્ય છે તે 'દાનવ !' 'બુભુક્ષિત અને અતૃપ્ત મનુષ્ય અનૈતિક ન બને તો શું કરે ?'

* * *

એક સત્ય સમજીને ચાલશો તો વધુ સારી રીતે જીવી શકશો અને સત્ય એ જ કે, આપણા કષ્ટ પીડા દૂર કરવા ઈશ્વર કે અન્ય કોઈ દૈવી શકિત આવવાની નથી. આપણે સ્વતઃ આપણો માર્ગ પ્રશસ્ત કરવો પડશે. સૌ સંગઠન અને સમૂહમાં રહીને જ સમાજને સુખી કરી શકશો !

* * *

પ્રકૃતિને જાણવામાં એક જીવન પૂરતું નથી... ઈશ્વરવાદીને તો સરળતા છે. જ્યાં રહસ્યમયતા લાગે, ગૂઢ લાગે ત્યાં ઈશ્વરને વચ્ચે લાવી દેવાનો ! સમસ્યા તો સત્યના શોધકને છે !...

* * *

જે સંબંધને જાળવી રાખવા મથામણ કરવી પડે, જે સંબંધ તૂટી જશે એવી ભીતિ સતત રહે એવા સંબંધો ન હોય તો ય શું ?


* * *

જેણે સત્ય પર્યન્ત પહોંચવું હશે તેણે સંશયચિત્ત બનવું પડશે. તર્કથી વિચારવું પડશે. બ્રાહ્મણો ભલે કહેતા કે શ્રદ્ધાવાનને જ્ઞાન મળે છે. હું એમાં અસમ્મત છું. મારા મતે તો શંકા કરવાથી જ સત્યપર્યન્ત પહોંચી શકાય છે...

* * *

# ડો. સુષ્મા અય્યરને 'રમણભ્રમણ સુર્વણચંદ્રક' અર્પણ સમારોહની ભીતરમાંનો બૌદ્ધિક વ્યાયામ-૩

-સૂર્યકાન્ત શાહ




ડૉ. પ્રકાશ ભટ્ટના વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન બાદ એવા જ બીજા વિદ્વાન ડૉકટર અશ્વિન શાહનો પરિચય આપતા સપના પાઠકજીએ જણાવ્યું કે અશ્વિન શાહ તબીબી જ્ઞાનને એમના ખારેલ મુકામે ચાલતા ગ્રામ સેવા ટ્રસ્ટ દ્વારા ઊંડા ગામડાના આદિવાસીઓની સેવા થાય તે રીતે ઉપયોગમાં લે છે. સપનાએ ડૉ. શાહને પ્રવચન માટે આમંત્રણ આપ્યું.

ડૉ. શાહના પ્રવચન (હવે પછી પ્રસિદ્ધ થશે) બાદ ડૉ. પ્રશમાએ એમના માતૃશ્રી અને રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી ટૂંકમાં આભૂષિત થવાના હતા તે ડૉ. સુષ્મા અય્યરનો પરિચય આપ્યો. આ પૂર્વના અંકમાં જણાવ્યું છે તેમ સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહે જ્યારે ડૉ. સુષ્મા અય્યરને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો ત્યારે ચિક્કાર સભાગૃહના સાક્ષીઓએ ઉભા થઈ ડૉ. સુષ્માને વધાવી લીધા. ડૉ. બી. એ. પરીખે સુષ્મા અય્યરને સન્માનપત્ર અર્પીને અભિવાદન કર્યું.

ડૉ. સુષ્મા અય્યરે પ્રતિભાવ આપતા જણાવ્યું કે સત્યશોધક સભા તરફથી એમને મળેલ બહુમાન સમગ્ર રેશનાલિસ્ટોના સમાજનું અને મહિલાઓનું સન્માન છે. અંધશ્રદ્ધા અને વહેમનો સૌથી વધારે ભોગ મહિલાઓ બને છે. એમને આ યાતનામાંથી બહાર કાઢવા સૌએ ખૂબ પરિશ્રમ કરવો પડે એમ છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે કોઈ

તફાવત નથી. સમગ્ર રાજ્ય વ્યવસ્થા ગરીબો અને મહિલાઓના શોષણની રખવાળી છે. તે લોકોને ડરાવીને શાસન ચલાવે છે. આ વ્યવસ્થા જ્યારે ધર્માધારિત હતી ત્યારે યુરોપમાં રેનેસા ચળવળ દ્વારા એને સફળતાપૂર્વક પડકારી. રેનેસાએ આપણને તર્ક, રીઝન અને હકીકતો પર આધાર રાખવાનું આહ્‌વાન કર્યું. આ બધું આપણા દેશમાં ખૂટે છે. આપણે એ લાવવું પડશે. શિક્ષણ આ કામ કરી શકે. જો એ રાજ્યનું વાજિંત્ર નહીં બને તો. ડૉ. અય્યરે કેટલાક આદ્યકવિઓની વહેમ–અંધશ્રદ્ધાને ચાબુક મારતી પંક્તિઓ યાદ કરી હતી.

ડૉ. અય્યરે વધુમાં જણાવ્યું કે જન્મતી વખતે મા સાથે જોડાયેલા બાળકને નાળ કાપીને સરળતાથી મુક્ત કરી શકાય છે, પરંતુ ત્યારબાદ તરત જ ટીલાં, ટપકાં, સંસ્કાર, જ્ઞાતિ, જાતિ અને ધર્મ, પરંપરા જેવી અનેક નાળો એને બાંધી દે છે. એને 'માણસ' તરીકે ઉછેરવા જ દેતી નથી. આ બધાંની વચ્ચે રેશનાલિસ્ટો પાયાના પ્રશ્નો પૂછે છે, વૈજ્ઞાનિક મિજાજને કેળવવાના પ્રયત્નો કરે છે અને સમાજને આ બાંધી દેતી નાળોને પણ કાપી નાંખવા આહ્‌વાન કરે છે. આમ ડૉ. સુષ્મા અય્યરે પણ ચંદ્રક સ્વીકારતા સમગ્ર કાર્યક્રમમાં બૌદ્ધિક વ્યાયામ કર્યો ! ત્યારબાદ ડૉ. સુષ્મા અય્યરે હાજર રહેલા પૂર્વ રમણભ્રમણ સુવર્ણચંદ્રક આભૂષિત મહાનુભાવોનું સન્માન કર્યું હતું. ત્યારબાદ ડૉ. સુષ્મા અય્યરને મળેલ સન્માનને અનેક શ્રોતાઓએ સ્વેચ્છાપૂર્વક ઉત્સાહથી પોતાના ટૂંકા પ્રવચનો દ્વારા વધાવી લીધા હતા. જેમાં ડૉ. બી. એ. પરીખ, ડૉ. મોના શ્રોફ, ડૉ. પ્રદીપ મુખ્ય હતા. અનેક શ્રોતાઓએ ડૉ. સુષ્મા અય્યરને પુષ્પગુચ્છ આપી નવાજ્યા હતા. સત્યશોધક સભાના સહમંત્રી સુગીત પાઠકજીએ નખશીખ રેશનાલિસ્ટ ડૉ. સુષ્મા અય્યરને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આશા વ્યક્ત કરી હતી કે તેઓ હજી વધુને વધુ સત્યશોધક સભાની અને રેશનાલિઝમની પ્રવૃત્તિઓનાં અગ્રેસર બનશે. સુગીત પાઠકજીએ સૌનો આભાર માન્યો હતો. રાષ્ટ્રગીત ગાઈને સૌ ભોજન લેવા માટે આગળ વધ્યા હતા.

## દેગામીને અભિનંદન...

આપણા પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ દેગામીની મુંબઈ–ગુજરાત રેશનાલિસ્ટ એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક થઈ છે. એમને અભિનંદન. નવા હોદ્દા પર તેઓ સફળતાપૂર્વક પ્રવૃત્તિઓ કરે તેવી શુભેચ્છા. જેઓ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી આભૂષિત થનાર છે તે બિપીન શ્રોફ, પ્રમુખ, અને જેઓ રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત થયા છે તે ડૉ. સુજાત વલી ઉપપ્રમુખ તરીકે વરણી પામ્યા છે.

# વર્તમાન પરિસ્થિતિમાં રેશનાલિસ્ટોએ આક્રમક થવુ જ પડશે

–સુગીત પાઠકજી

સહમંત્રી –સત્યશોધક સભા



રેશનાલિસ્ટ થવું એટલે કે દરેક વસ્તુ પરિસ્થિતિને તર્ક અને હકીકતની એરણ પર ચકાસીને, જો જરૂર પડે તો યોગ્ય સમજશક્તિ દ્વારા નવા તર્કો પેદા કરીને, સંશોધન કર્યા બાદ કોઈ એક નિષ્કર્ષ પર પહોંચવું. કોઈપણ પરિસ્થિતિ વચ્ચે કાર્ય–કારણનો સંબંધ સમજ્યા બાદ તેને વાણી–વર્તનમાં અનુસરવું.

આવું તો જ શક્ય બને કે જ્યારે આપણા વિચારો પૂર્વગ્રહોથી મુક્ત, ધાર્મિક માન્યતાઓ, રૂઢિઓ, પરંપરાવાદી વલણો, ઈશ્વરમાં આસ્થા જેવી વાતોથી ઉપર ઉઠીને તર્કબદ્ધ રીતે વિચારવામાં સક્ષમ થાય.

આપણા રેશનાલિસ્ટ મિત્રો આ બધી માન્યતાઓથી પર હોય છે, પરંતુ રેશનાલિસ્ટોમાં પણ એવો બહોળો વર્ગ છે કે જે પોતે આ બધી માન્યતાઓથી મુક્ત છે, છતાં અન્યોના–તેમની પત્ની–પતિ, કુટુંબીજનો–ના મન રાખવા માટે તેઓ ધાર્મિક વિધિઓમાં કે પછી ધાર્મિક માન્યતાઓને ટેકો આપતુ વ્યવહારુ વલણ અપનાવી લે છે અલબત્ત, પોતે તેમાં માનતા નથી જેમ કે કોઈ તેમને એમ કહે કે 'કેમ છો, ભાઈ, જય શ્રીકૃષ્ણ તો તેનો પ્રત્યુત્તર પણ જય શ્રીકૃષ્ણથી જ અપાતો જવાબ સાંભળવા મળે છે. પછી ભલે તે પોતે કૃષ્ણમાં માનતા ન હોય, આમ કરવાથી તેમની રેશનાલિસ્ટ તરીકેની લાગણીઓ દુભાતી નથી અથવા જો દુભાતી હોય તો તેઓ તેને જાહેરમાં વ્યક્ત થવા દેતા નથી. તેનાથી વિપરીત ધાર્મિક લોકોની લાગણીઓ વારંવાર દુભાઈ જતી હોય છે અને હવે તો તેના કોર્ટ કેસો પણ થાય છે. આવા લોકોની તરફેણમાં જજમેન્ટો પણ આવે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં રેશનાલિસ્ટોનું અસ્તિત્વ અને રેશનલ વિચારોનું મહત્ત્વ દર્શાવવા માટે રેશનાલિસ્ટોએ થોડું આક્રમક વલણ લેવું પડશે અન્યથા જો રેશનાલિસ્ટો પણ 'દૂધ અને દહીં' બન્નેમાં પગ રાખશે તો આવનારા સમયમાં રેશનાલિઝમની અગત્યતા નહીં રહે.

ઘણીવાર રેશનાલિસ્ટો એવું કહે છે કે અમે કોઈ ધર્મનો વિરોધ નથી કરતા, માત્ર અંધશ્રદ્ધાનો જ વિરોધ કરીએ છીએ. તેઓ એમ સ્વીકારવા છતાં કહેતા નથી કે અમે રેશનાલિસ્ટો વિશ્વના તમામ ધર્મોનો વિરોધ કરીએ છીએ કારણ કે આ તમામ ધર્મો અપાર શોષણના પાયા પર રચાયેલા છે. આ તમામ ધર્મોના મૂળમાં સ્ત્રી–ઓ વંચિતોનું અપાર શોષણ છે. કોઈપણ ધર્મની વાતો આજે વિજ્ઞાનની સામે સાચી ઉતરી શકે તેમ નથી.

વિજ્ઞાન આવા તમામ ધર્મોની પ્રચલિત માન્યતાઓની સામે તરીને જ ઉદ્‌ભવ્યું છે અનેક વૈજ્ઞાનિકોએ, ક્રાંતિકારીઓએ, સમાજશાસ્ત્રીઓએ પ્રચલિત ધર્મની સામે અવાજ બુલંદ કર્યો છે અને જરૂર પડી ત્યારે શહાદત પણ વહોરી છે. ધર્મનો ખુલ્લેઆમ ઈન્કાર આ તમામ શહીદોની શહાદતને સલામી હશે. પરંતુ માત્ર ધાર્મિક માન્યતાઓનો ઈન્કાર તો એવી વાત છે કે સમસ્યાના મૂળ સુધી પહોંચવાની જગ્યાએ માત્ર પરિસ્થિતિને વાગોળ્યા કરવી. આ તમામ અંધશ્રદ્ધાનું મૂળ ધર્મ છે અને જ્યાં સુધી ધર્મનો નાશ નહીં થાય ત્યાં સુધી અંધશ્રદ્ધા અને શ્રદ્ધા પણ સમય સાથે નવી–નવી પેદા થયા કરશે. તેથી મક્કમતાપૂર્વક જણાવું છું કે રેશનલ ચળવળનો ધ્યેય ધર્મનો નાશ હોવો જોઈએ. જ્યાં સુધી ધર્મ રહેશે ત્યાં સુધી અંધશ્રદ્ધા તો રહેવાની જ. આપણે પ્રહાર મૂળ પર કરવાનો છે. આ વાત કહેતા આપણે ચૂકી જઈએ છીએ.

વળી અમુક રેશનાલિસ્ટો એવી દલીલ કરતા હોય છે કે રેશનાલિસ્ટો નાસ્તિક જ હોવા જોઈએ એવું કયાં લખેલું છે ? પરંતુ જો તમામ ધર્મોને તર્કની અણી પર ચકાસો તો વિશ્વના તમામ ધર્મો ખોટા સાબિત થાય છે તે વાત સ્વીકારવામાં તેઓ છોછ અનુભવતા હોય તેવું લાગે છે. આ પ્રકારના બેવડા વલણને તિલાંજલી આપીશું તો જ આપણા વિચારો સમાજમાં અસરકારક રહેશે. ઈશ્વરના ઈન્કારથી જ રેશનાલિઝમની શરૂઆત થાય છે.

આપણી પાસે ઈતિહાસમાં અને વર્તમાનમાં એવાં અનેક ઉદાહરણો છે કે જેઓએ જરાપણ રેશનલ વિચારધારા સાથે બાંધછોડ કર્યા વગર સમાજના ધાર્મિક ઢાંચાને તોડવાનું કામ મક્કમતાપૂર્વક કર્યું છે. ચાર્વાકના સમયમાં ધર્મ દ્વારા રચાયેલા આડંબરો સામે સામૂહિક ચળવળનાં બીજ રોપાયાં હતાં. ધર્મને નિરર્થક કહેવાયો હતો. પાપ, પુણ્ય, પુનર્જન્મ, પૂર્વજન્મ, સ્વર્ગ, નર્ક વગેરેને તથ્યવીહીન વાતો તરીકે ગણાવાઈ હતી

અને તે સમયે ધર્મ અને ધાર્મિક માન્યતાઓનો વિરોધ એક આંદોલન તરીકે કરવામાં આવ્યો હતો. નજીકના ભૂતકાળનું ઉદાહરણ જોઈએ તો પેરિયાર ધાર્મિક આડંબરો અને ધર્મ દ્વારા રચિત દૂષણોનો ભોગ બન્યા બાદ તેઓ સતત ધર્મ સામે લડતા રહયા. પેરિયારે સૌથી મોટું કામ તો એ કર્યું કે તેઓ હિંદુ ધર્મમાંથી નીકળીને અન્ય કોઈ ધર્મમાં ન જોડાયા, ન તો તેમણે કોઈ નવા ધર્મની સ્થાપના કરી, ધર્મના દૂષણોથી તેઓ વાકેફ હતા, પેરિયારે સતત હિંદુ ધર્મ અને તેના દૂષણોની ટીકા કરી અને તે ટીકાને જનઆંદોલનમાં પરિવર્તિત કરી હતી. તે જનઆંદોલનોનો ઉપયોગ તેમણે ધર્મ પર પ્રહાર કરવા માટે કર્યો હતો. વળી પેરિયારે તો જાહેરમાં દેવતાઓની મૂર્તિને જોડાથી મારવા જેવા કાર્યક્રમો પણ કર્યા હતા. આવા કાર્યક્રમો જાહેરમાં કરવા માટે વ્યાપક જનસમર્થન અને ખૂબ જ સાહસની જરૂર હોય છે. આજે પેરિયાર દ્વારા કહેવામાં આવેલા વાકયો અને કરવામાં આવેલા આંદોલનો રેશનાલિસ્ટો માટે પ્રેરણાદાયી છે. આ પ્રકારના ધર્મની વિરુદ્ધના આંદોલનો માટે તેમણે તેમનો વ્યવસાય તેમ જ પરિવારની રૂઢિવાદી ધાર્મિક લાગણીઓની દરકાર કરી નહીં અને અમુક આંદોલનોમાં તો તેઓ તેમની પત્નીને પણ સહભાગી થવા માટે તૈયાર કરવામાં સફળ રહ્યા હતા.

આજે પેરિયારના આંદોલનના પ્રતાપે જ તામિલનાડુમાં ઉદયનીધી જેવા નેતાઓ એવું જાહેરમાં કહી શકે છે : 'સનાતન ધર્મ ઝેરીલા નાગ જેવો છે.' રેશનલિઝમના ક્ષેત્રે પ્રાપ્ત થયેલું આટલું મોટું ફલક ભારત દેશમાં ઉદાહરણરૂપ છે.

તે જ રીતે સામ્યવાદી વિચારોથી પ્રભાવિત થયેલા શહીદે આઝમ કોમરેડ ભગતસિંહે એક પુસ્તક લખ્યું છે : 'મૈ નાસ્તિક ક્યું હું ?' જે તમામ રેશનાલિસ્ટો માટે ખૂબ જ પ્રેરણાદાયક પુસ્તક છે. જેમાં તેમણે તર્કસંગત રીતે તેમની નાસ્તિકતા તરફની આગેકૂચ અને ઈશ્વર નામનાં આડંબરને ખુલ્લા પાડયા છે.

નજીકનાં સમયમાં જોઈએ તો ગૌરી લંકેશ, કલબુર્ગી, કોમરેડ ગોવિંદ પાનસારે, દાભોલકર જેવા રેશનાલિસ્ટ યોદ્ધાઓએ ધાર્મિક કટ્ટરવાદી સામે સંઘર્ષ કરીને શહાદત વહોરી હતી. આ સંઘર્ષને સન્માન તો જ પ્રાપ્ત થશે કે જ્યારે આપણે રેશનાલિસ્ટ તરીકે આપણા વિચારો આપણા કુટુંબ, સમાજમાં મક્કમતાપૂર્વક મૂકીશું. સગવડીયું રેશનાલિઝમ આપણને પતન તરફ લઈ જશે. રેશનલ સંગઠનોનો મૂળ હેતુ સમાજમાં ધર્મ અને તેની સાથે ઉદ્ભવતી અંધશ્રદ્ધા બન્નેનો નાશ કરવાનો હોવો જોઈએ. જો આપણે જાહેરમાં

સંગઠીત થઈને ધર્મનો વિરોધ નહીં કરીએ તો ધર્મમાં માનનારા લોકો તેમની નીતિ–રીતિઓને સમાજ પર સફળતાપૂર્વક થોપી દેશે. જો આપણે આમ ન થવા દેવું હોય તો આપણે અલગ–અલગ જગ્યાએ ચાલતી છૂટી–છવાયી રેશનલ ચળવળોનું એકીકરણ કરી તેને આંદોલનોનું સ્વરૂપ આપવું પડશે.

જેમ કે...

(૧) ગુજરાતમાં અંધશ્રદ્ધા નિર્મૂલનના કાયદાનો ડ્રાફ્ટ તૈયાર કરવો પડશે.

(૨) વર્તમાન સરકારે પોતે જ રેશનાલિઝમમાં ન માનતી હોવાથી આ સરકાર પાસે અંધશ્રદ્ધા નિર્મૂલનના કાયદાની અપેક્ષા રાખવી મૂર્ખતા હશે તેથી રેશનાલિસ્ટોએ ચૂંટણી સમયે 'રેશનલ મેનીફેસ્ટો' બહાર પાડીને તે મેનીફેસ્ટોને વિપક્ષના આગેવાનો તેમ જ જનતા સુધી લઈ જવો.

(૩) સમાજમાં દલિતો તેમ જ મહિલા સંગઠનો દ્વારા મંદિરમાં પ્રવેશવા માટેની ચળવળો કરવામાં આવે છે તેની જગ્યાએ આપણે રેશનાલીસ્ટ તરીકે'ધાર્મિક સ્થળોના બહિષ્કાર કરવાની ચળવળો ઉપાડી શકીએ આપણે લોકોને સમજાવી શકીએ કે ધર્મની ઘરેડમાં જવાથી નહીં પણ તમારું ભલું વૈજ્ઞાનિકતા અપનાવીને ધાર્મિક માન્યતાઓનું ખંડન કરવાથી થશે.

(૪) રેશનાલિસ્ટ તરીકે આપણે પોતાની આજુબાજુ થતી ધાર્મિક ક્રિયાએ સામે તર્કબદ્ધ રીતે અવાજ ઉઠાવી ચર્ચા કરવી જોઈએ.

(૫) જાહેર ચળવળો જેવી કે પર્યાવરણ બચાવો, પ્રદૂષણ અટકાવો, પુસ્તક મેળામાં ભાગ લેવો. જાહેરમાં ચમત્કાર નિદર્શનનાં કાર્યક્રમો કરી લોકોને સહભાગી કરવા. જાહેર રસ્તા પર યુવક–યુવતીઓ માટે સેલ્ફી પોઈન્ટ ઉભા કરવા. સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી લોકોને પોતાના વિચારો–પોતાની ચળવળો પ્રત્યે જાગૃત કરવા.

(૬) વિજ્ઞાન દિવસ, ભગતસિંહ જયંતિ, પેરિયાર સ્મૃતિ દિવસ, કાર્લ માકર્સની જયંતિ, એમ. એન. રોયનો સ્મૃતિ દિવસ, કોમરેડ પાનસારે, ગૌરી લંકેશ, દાભોલકર, કલબુર્ગી જેવી રેશનલ વ્યક્તિઓના સ્મૃતિ દિન ઉજવીને આ પ્રકારની રેશનલ ચળવળોને લોકોની વચ્ચે લઈ જઈ શકાય.

(૭) ઑર્ગન ડોનેશન જેવા કૅમ્પ રાખીને લોકજાગૃતિ કેળવીને લોકોને રેશનલ સંગઠનો સાથે સાંકળી શકાય.

(૮) જુદા જુદા વિસ્તારોમાં રેશનલ યાત્રાનું આયોજન કરી આપણા વિચારો લોકો સમક્ષ લઈ જઈ શકાય. શેરી નાટકો જેવા કાર્યક્રમો લોકોને આપણા તરફ આકર્ષી શકે છે.

(૯) આ પ્રકારના અનેક કાર્યક્રમો જુદાં–જુદાં રેશનલ સંગઠનો સાથે મળીને વિચારી શકો. આવનારા સમયમાં રેશનલ ચળવળને વધુ આક્રમક અને લોકોને લાઉડ સ્પીકર પર વાગતા હનુમાન ચાલીસા અને અઝાનની વિરુદ્ધ PIL ફાઈલ કરીને કાયદેસરની લડત આપવી જોઈએ. આવા રોજિંદા થનાર નિરર્થક ધ્વની પ્રદૂષણોને બંધ કરાવવા જોઈએ.

(૧૦) રેશનાલિસ્ટોના પરિવારો પણ એક–બીજાને મળી શકે અને બૌદ્ધિક કસરત સાથે મનોરંજનના કાર્યક્રમો ગોઠવવા કે જેથી આ પરિવારજનો પરસ્પર મળીને રેશનાલિઝમના માનવીય પાસાને જાણી–સમજી શકે. તેઓ પોતે પણ રેશનાલિઝમ અંગે વિચારતા થાય, ઉપરાંત સમાજમાં રેશનાલિસ્ટો અંગે ધાર્મિક લોકો, કોમવાદીઓ દ્વારા કરવામાં આવતા દુષ્ટ–પ્રચારનો તેઓ તાર્કિક રીતે જવાબ આપી શકે.

આ પ્રકારના અનેક કાર્યક્રમો જુદા જુદા રેશનલ સંગઠનોએ સાથે મળીને કરવાનું વિચારવું જોઈએ. આવનારા દિવસોમાં રેશનલ ચળવળને વધુ આક્રમક અને લોકોને આકર્ષી શકે તેવી બનાવી શકાય. આ કોઈપણ એક સંગઠનનું કામ નથી, પરંતુ બધા સાથે મળીને આ પ્રકારની ચળવળો ઉપાડે તો આપણે લોકો સમક્ષ વધુ અસરકારક રીતે આપણા વિચારો રજૂ કરી શકીશું તેવી અપેક્ષા.



મંત્રીશ્રી જાદવ વેકરિયાએ સત્યશોધક સભાની પ્રવૃત્તિઓનો સવિસ્તાર ખ્યાલ આપ્યો હતો. વહેમ–અંધશ્રદ્ધા વિરુદ્ધ અને રેશનાલિઝમ માટે પ્રવૃત્તિઓ કરવાનું કેટલું મુશ્કેલ છે તે એમણે જણાવ્યું. ગોધરા સંમેલન જેવા સંમેલનો રેશનાલિસ્ટોને એકત્રિત કરે છે. તેમ જ પ્રવૃત્તિ કરવા માંગનારાઓને હૂંફ અને માર્ગદર્શન આપે છે તે એમણે જણાવ્યું. ચમત્કાર નિદર્શન કાર્યક્રમો ખાસ કરીને તરુણોને આકર્ષે છે. એમાંથી જ જતે દિવસે રેશનાલિસ્ટો તૈયાર થાય અને રેશનાલિઝમની પ્રવૃત્તિ કરનારા પણ મળે.

(ગોધરાના તા. ૩૦–૩૧ ડિસે. ૨૦૨૩ના રોજ મળેલ બીજા રેશનાલિસ્ટ સંમેલનમાં આપેલ વકતવ્યો)

## વાચકોના મિતભાષી અભિપ્રાયો

*ડી. યુ. સાવલા, મુંબઈ : સત્યાન્વેષણ* – નવે. ૨૦૨૩ પાના નં. ૧૦ પર 'શું મુસલમાનો પૂર્વજન્મના બ્રાહ્મણો છે ?' એન વી. ચાવડાનો નાનકડો લેખ છે.

(૧) સત્યાન્વેષણમાં આ પ્રકારના લેખનું સમાવેશ કરવા માટેનું કોઈપણ કારણ સમજાતું નથી.

– લેખની કેટલીય બાબતો રેશનલ રીતે જોતા ગપગોળા છે, સંપૂર્ણપણે અંધ માન્યતાઓ જ છે.

– લેખની સાથે તંત્રી નોંધમાં એને છાપવા માટેનું વ્યાજબી કારણ બતાવ્યું હોત તો સારું થાત.

(૨) પાના નં. ૧૭ પરનો લેખ વેદ અને વેદના અર્થ એ લેખ પણ ફકત ગપગોળાની જ દુનિયા છે.

(નોંધ : ભાઈશ્રી સાવલાને આ લેખોમાં ગપગોળા જણાયા તે સૂચવે છે કે લેખકોનો હેતુ પાર પડયો છે. લેખકો એ જ કહેવા માંગે છે કે આવી માન્યતાઓ તર્કની એરણ પર ટકતી નથી. એ ગપ્પા છે. –સૂ.)

## રેશનલ ચળવળ

**બંધારણ દિવસની પાલનપુરમાં ઉજવવણી :** લોક નિકેતન, રતનપુર સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, બ. કા. જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ તેમજ યુવાજાગૃતિ અભિયાનના સંયુકત ઉપક્રમે તથાગત એકેડમી પાલનપુર ખાતે બંધારણ દિવસની રંગેચંગે ઉજવણી કરાઈ હતી.

શરૂઆતમાં પ્રા. અશ્વિન કારીઆએ બંધારણ ભૂમિકાની આપેલ સમજૂતી સાથે કાર્યક્રમનો આરંભ થયો હતો કે કા. શાસ્ત્રી લૉ કૉલેજ, અમદાવાદના પ્રા. નીપાબેન વ્યાસે બંધારણીય સુધારાઓ અને બંધારણનાં મૂળભૂત માળખાના સિદ્ધાંત, સરકારી આર્ટ્સ કૉલેજ, વિસનગરના પ્રા. મુકેશ પટેલે આમુખ અને તથાગત એકેડમીના ડિરેકટર પ્રા. મિલિન્દ વિશ્વાસે બંધારણના મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો વિશે પોતાની રસપ્રદ શૈલીમાં વ્યાખ્યાનો રજૂ કર્યાં હતાં.

પ્રેક્ષકોએ પણ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમ જીવંત બનાવ્યો હતો. વસંત યાદવે કાર્યક્રમ સંચાલન અને વિક્રમ વજીરે આભાર દર્શન કરેલ.

# તસલીમા નસરીન : એક માનવવાદી

સત્યશોધક સભા અને વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યુનિક્ષ્વર્સિટીના મારફતિયા હોલમાં તા. ૨–૦૧–૨૪ના રોજ પાલનપુરની મોદી કૉલેજ ઓફ આર્ટ્સના ડૉ. મિહિર દવેનું 'તસલીમા નસરીન : એક માનવવાદી' વિષય પર ડૉ. દક્ષેશ ઠાકર (કુલપતિ)ના પ્રમુખપદે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. સત્યશોધક સભાના પૂર્વ પ્રમુખ બાબુભાઈ દેસાઈની યાદમાં આ વ્યાખ્યાન યોજાયું હતું.

સત્યશોધક સભાના મંત્રી જાદવ વેકરિયાએ અગ્નિ પ્રાગટય કરીને સભાની શરુઆત કરી હતી. પ્રમુખ સૂર્યકાન્ત શાહે બાબુભાઈ પોતે મહિલા અધિકાર માટે પ્રવૃત્ત હતા. નસરીન વિશેના વ્યાખ્યાન યોજવા પાછળ વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓ મહિલા અધિકાર વિશે સમજે, એને માટે મહિલાઓએ પોતે કરેલ પ્રવૃત્તિ અને બલિદાનમાંથી પ્રેરણા લે તે વ્યાખ્યાન યોજવાનો હેતુ એમણે દર્શાવ્યો. વનિતા વિશ્રામની આજથી ૧૦૦ વર્ષ પૂર્વે સ્થાપના કરવામાં અગ્રણી બાજીગૌરા મુનશી અને શિવગૌરી ગજ્જર પણ શાંત ક્રાંતિકારી કહી શકાય. જ્યારે બહેનોને શિક્ષણથી વંચિત રાખવામાં આવતી હતી ત્યારે આ બે મહિલાઓએ છોકરીઓના શિક્ષણની વ્યવસ્થા કરી તે એક ક્રાંતિકારી પગલું હતું. એની આ યુનિવર્સિટીમાં સત્યશોધક સભા એવા જ વિષય પર વ્યાખ્યાન યોજી શકયું, કારણ કે કુલપતિ દક્ષેશ ઠાકરે તે કરવા સંમતિ આપી. કાર્યક્રમ સુપેરે થાય તે માટે વ્યવસ્થા કરી અને પોતે પ્રમુખપદે પધાર્યા. નસરીને સ્ત્રી–પુરુષ સમાનતા વિશે એક સ્પષ્ટતા કરી છે. એમણે જણાવ્યું છે કે લૈંગિક સમાનતા લૈંગિક અસમાનતાની વિરુદ્ધ છે, નહીં કે લૈંગિક વિશિષ્ટતા વિરુદ્ધ. ધર્મના નામે મહિલાઓનું જે શોષણ થાય છે તે શોષણ અટકાવવાનું છે, પરંતુ સ્ત્રીએ એના સ્ત્રીત્વને તો જાળવી જ રાખવાનું છે. આખરે પુરુષ એ પુરુષ છે, અને સ્ત્રી એ સ્ત્રી છે. સૂર્યકાન્ત શાહે વધુમાં જણાવ્યું હતું કે જે તે ધર્મના અનુયાયીઓએ જ ધર્મજનિત અન્યાય, શોષણ અને સમાજવિરોધી પ્રવૃત્તિઓનો વિરોધ કરવો જોઈએ. ખ્રિસ્તી ધર્મમાં આવેલા સુધારા કેટલાક ખ્રિસ્તીઓના જ અને હિંદુ ધર્મમાં આવેલા સુધારા કેટલાક હિંદુઓની ચળવળથી આવ્યા છે. તસલીમા ઈસ્લામમાં સુધારા થાય તે માટે ઝઝૂમે છે. એમ કરવાથી બાંગ્લાદેશની સરકારે એમને દેશનિકાલ કર્યા.

ત્યારબાદ સત્યશોધક સભાના પેટ્રન અને પૂર્વ પ્રમુખ ડૉ. બી. એ. પરીખે સત્યશોધક સભાની સ્થાપના અને ઈતિહાસની માહિતી શ્રોતાઓને આપી હતી. પૂરી અને વિશ્વસનીય ચકાસણી કરીને જેનો સ્વીકાર કરવામાં આવે તે અભિગમ રેશનલ છે. વહેમ અને અંધશ્રદ્ધામાં આપણે ફસાવા માંગીએ છીએ તેથી ફસાઈએ છીએ. નસરીન પર ઘણી વીતી છે. મિહિરભાઈ એ અંગે વાતો કરશે, પરંતુ આવી મહિલાઓના જીવન–કવન જ આપણે માટે પ્રેરણા સ્વરુપ બને છે.

ત્યારબાદ ડૉ. મિહિર દવેએ નસરીનનાં જીવન–કવનને કેન્દ્રમાં આખી સ્વતંત્રતા અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર ભાર મૂકતું વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. (હવે પછીના અંકમાં તે પ્રસિદ્ધ થશે.) સમાપન કરતા પ્રમુખ ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું કે આ પ્રકારના વ્યાખ્યાનો આપણે સૌને મહિલાઓના શોષણનો ખ્યાલ આપે છે. આપણે એના ભોગ બનતા હોઈએ છીએ. આ પ્રકારના વ્યાખ્યાનો આપણને એનાથી જાગૃત કરે છે. આવી જાગૃતિ લાવતા અનેક કાવ્યો આપણા ગુજરાતી સાહિત્યમાં પણ છે. જે હોય તે, જરૂર તો છે જાગૃતિની. સૌનો આભાર માનતા સહમંત્રી સુગીત પાઠકજીએ જણાવ્યું હતું કે શોષણ સામેના આંદોલનથી આપણે માત્ર આપણી બેડીઓ જ ગુમાવીએ છીએ. પ્રા. ગરિમા તિવારીએ એન્કર તરીકેની પ્રશંસનીય સેવા આપી હતી. અંતે અલ્પાહારની સાથે કાર્યક્રમની વાતોને વાગોળતા વાગોળતા સૌ છૂટા પડયા હતા.

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો


(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ

(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ

(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ

(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ

(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ

(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# વિજ્ઞાનના 'શબ' ની પૂજા

એક બાજુ આપણને સમાચાર મળે છે કે ઈસરોએ છોડેલ આદિત્ય એલ–૧ પૃથ્વીથી પંદર લાખ કિ.મી. દૂર લાગ્રાન્ગ પોઈન્ટ પર પહોંચીને સૂર્યનો અભ્યાસ કરવા માંડયું. જે બીજી બાજુ આપણને એ સમાચાર મળે છે કે ૧૦૯ વર્ષ જૂની ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને એની વાર્ષિક કોન્ફરન્સ માટે ભારત સરકારે એક પણ પૈસાનું અનુદાન આપવાનો ઈનકાર કર્યો છે ! દર વર્ષે યોજાતી આ કૉન્ફરન્સ માટે ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને અનુદાન આપવામાં આવતું હતું. આ કૉન્ફરન્સમાં દર વર્ષે દેશ–વિદેશના અગ્રણી વૈજ્ઞાનિકો પોતાના સંશોધન–પત્રો રજૂ કરે છે. ચર્ચા કરે છે. એના થકી આ કૉફરન્સ દેશ અને દુનિયામાં વિજ્ઞાન તેમ જ વૈજ્ઞાનિક મિજાજની સમજ, પ્રચાર અને નવાં સંશોધનોના પાયાની ચર્ચા કરે છે. આપણા મુરબ્બી ડૉ. બી. એ. પરીખ પણ એ કૉન્ફરન્સના મનોવિજ્ઞાન વિભાગમાં ભાગ લઈ આવ્યા છે. આ કોન્ફરન્સ માટે ભારત સરકારે પાંચ કરોડ રૂપિયાનું અનુદાન આપવાનું હતું. સાવ ક્ષુલ્લક કારણો દર્શાવીને સરકારે તે અનુદાન નહીં આપવાનું ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને જણાવ્યું. પરિણામે આ વર્ષે એકસો નવ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એ કોન્ફરન્સ યોજી શકાઈ નહીં. સરકારની સંમંતિ વિના કોન્ફરન્સનું સ્થળ ફેરવવામાં આવ્યું. તેથી અનુદાન આપવામાં આવતું નથી એવું સરકારે જણાવ્યું. આ તદ્દન ક્ષુલ્લક કારણ છે. સરકારને સ્વાયત્ત અને સ્વતંત્ર રીતે વિચારતી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ આંખમાં કણાની જેમ ખૂંચે છે. જેમ અનેક સ્વાયત્ત અને સ્વતંત્ર રીતે વિચારતી સંસ્થાઓને સરકારે સીધી યા આડકતરી રીતે ક્યાં તો બંધ કરાવી છે અથવા પાંગળી બનાવી છે તેમ દેશની વિજ્ઞાન ક્ષેત્રે સ્વતંત્ર રીતે વિચારતી આ સંસ્થાને પણ પાંગળી બનાવવા માંડી છે.

ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને જ્યારે પાંચ કરોડનું અનુદાન આપવાનો સરકારે ઈનકાર કર્યો ત્યારે રાષ્ટ્રીય સેવક સંઘ (આર.એસ.એસ.)ની વિજ્ઞાન પાંખ 'વિજ્ઞાન ભારતી' તરફથી યોજાનાર ઈન્ટર નેશનલ સાયન્સ ફેસ્ટિવલને વીસથી પચ્ચીસ કરોડનું અનુદાન આપવાનો નિર્ણય લીધો છે ! આ બે જોગાનુજોગ બનેલી ઘટના નથી. એમાં કાર્ય–કારણના સંબંધ છે. આર.આર.એમ.ની વિજ્ઞાન પાંખને સદ્ધર બનાવવા સરકારે ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને મૃતઃપ્રાય બનાવવાનું રાખ્યું છે. આર.એસ.એસ.ની વિજ્ઞાન પાંખ નામની જ વિજ્ઞાન–વૈજ્ઞાનિક મિજાજ' ધરાવે છે. સ્વદેશી ભાવના અને વિજ્ઞાન–

વૈજ્ઞાનિક મિજાજને બહુ ઓછો સંબંધ છે. વિજ્ઞાનને કોઈ સરહદ નડતી નથી. કોઈ એક દેશમાં વિજ્ઞાનની અને વૈજ્ઞાનિક મિજાજ માટેની સંસ્થા હોય તેથી એ દેશના રાજ્યકર્તાઓના પોતાના મતાનુસારના સ્વદેશ પ્રેમને તેમાં સ્થાન આપી શકાય નહી. 'વિજ્ઞાન ભારતી' 'સ્વદેશી' અને 'વિજ્ઞાન'ની ભેળસેળ કરે છે. ઉપરાંત, વિજ્ઞાન અને વૈજ્ઞાનિક મિજાજની શુદ્ધ ચર્ચા કરતી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસની કોન્ફરન્સ અને 'વિજ્ઞાન ભારતી' ના સાયન્સ ફેસ્ટિવલ વચ્ચે આસમાન–જમીનનો તફાવત છે. ફેસ્ટિવલ એટલે ઉજવણી. 'ઉજવણી'માં વિજ્ઞાનના કોઈ ચોક્કસ તાત્વિક મુદ્દા પર વિગતવાર અને ગંભીર ચર્ચાના અવકાશ જ હોતો નથી. અન્ય ક્ષેત્રોમાં કેન્દ્ર સરકાર આર. એસ. એસ.ને જે સીધી યા આડકતરી મદદ કરે છે તે પ્રમાણે વિજ્ઞાનના ક્ષેત્રે કર્યુ છે. આટલું ઓછું હોય તેમ સરકારે પોતાના વિભાગો અને પોતાના હસ્તકની સંસ્થાઓને એ ફેસ્ટિવલમાં જંગી ભાડુ ખર્ચી સ્ટોલ ઉભા કરવાની પણ ગર્ભિત સૂચના આપી દીધી છે ! વિજ્ઞાન પર અસલી ચિંતન કરતી કૉન્ફરન્સને પાંચ કરોડ નહીં આપીને એની ઉજવણીમા વિભાગો અને સંસ્થાઓની મદદ સહીત પચાસથી સાંઠ કરોડ ખર્ચવા માંગતી ભારત સરકાર વાસ્તવમાં વિજ્ઞાનના 'શબ'ની પૂજા કરી રહી છે.

## ગરુડ પુરાણ વિ. વેદ

'સત્યાર્થ–પ્રકાશક'માં દયાનંદ ને પૂછવામાં આવ્યું કે, 'જે આ ગરુડપુરાણ વગેરે ગ્રંથો છે, એ વેદાર્થ કે વેદની પુષ્ટિ કરનારા છે કે નહીં ?

દયાનંદનો ઉત્તર : નહીં, એ ગ્રંથો વેદ–વિરોધી અને ઉલટા ચાલનારા છે અને તંત્ર ગ્રંથો પણ તેવા જ છે. જેમ કોઈ માણસ એકનો મિત્ર અને સર્વ સંસારનો શત્રુ હોય, તેમ પુરાણ અને તંત્રને માનનારો માણસ હોય છે. કારણ કે એ ગ્રંથો એકબીજાની સાથે વિરોધ કરાવનારા છે. એમને માનવા એ કોઈ વિદ્વાનનું કામ નથી, પરંતુ એમને માનવામાં અવિદ્વતતા પ્રગટ થાય છે.

'સત્યાર્થ–પ્રકાશક'મા દયાનંદ જણાવે છે કે બધા જ મનુષ્યો સંન્યાસ ગ્રહણ કરી જ નથી શકતા. કારણ કે બધા જ મનુષ્યોની વિષયાકતી ક્યારેય છૂટી શકશે નહીં...સંન્યાસ ગ્રહણ કરવાનો અધિકાર ફક્ત બ્રાહ્મણને જ છે.

મનુજ કહે છે કે, હે ઋષિઓ ! બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ : આ ચાર પ્રકારના આશ્રમો કરવા એ બ્રાહ્મણનો ધર્મ છે.

# સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયા પૂછે છે

**સૂર્યકાન્ત શાહ**

**સવાલ** : માણસ માત્રનું ભલું તો વિજ્ઞાન જ કરે છે, તો પછી માણસને ધર્મ પ્રત્યે જ મોહ કેમ છે ?

**જવાબ** : વિજ્ઞાન અને વૈજ્ઞાનિક મિજાજ વચ્ચે તફાવત છે. વિજ્ઞાનાધારિત ઉપકરણો–માધ્યમોનો ઉપયોગ કરનારા જ માત્ર નહીં, પરંતુ વિજ્ઞાનમાં શોધ કરનારા સંખ્યાબંધ વૈજ્ઞાનિકોને ધર્મ પ્રત્યે મોહ હતો અને છે. આપણા ઈસરોના વડા સોમનાથજી એનો જીવંત દાખલો છે. માણસ મૂળભૂત રીતે નિજાનંદ અને સગવડો શોધે છે. વિજ્ઞાનને કારણે પેદા થતાં ઉપકરણો અને માધ્યમો માણસને આનંદ આપે છે. એટલે એ વિજ્ઞાનનો ઉપયોગ કરે છે. વૈજ્ઞાનિક ઉપકરણો અને માધ્યમો શોધાયા તેના પાયામાંની વૈજ્ઞાનિક દ્રષ્ટિ અને પદ્ધતિ જાણવામાં એને રસ નથી.

આ ઉપરાંત, ધાર્મિક નેતાઓની લોકો પર સજ્જડ પકડ, સ્વર્ગ–નર્કના લોભ–ભય, સમગ્ર સમાજનું ધર્મ પરત્વે પક્ષપાતી વલણ, મા–બાપના વારસાને જાળવવાની ઘેલછા, શાસકો તરફથી ધર્મનો થતો ખુલ્લો અને પ્રચ્છન્ન પ્રચાર, જેવા તત્ત્વો પણ માણસનો ધર્મ પરત્વેનો મોહ વધારે છે.

બીજી બાજુ, એ માન્યતામાં થોડું તથ્ય છે કે બાળપણમાં ઠોકી બેસાડવામાં આવતા ધર્મના કુસંસ્કારો ધોવાનું મુશ્કેલ છે. એ મુશ્કેલ છે, પણ અશકય નથી. તમારા–મારા જેવા કરોડો રેશનાલિસ્ટો પૂર્વના ધર્મચુસ્ત અનુયાયીઓ હતા. વાંચન, રેશનાલિસ્ટોનો સંગ, ધર્મની બડાશો અને ગપ્પાથી તદ્દન વિપરીત વાસ્તવિકતાનાં અવલોકન અને જાત અનુભવ વગેરેને કારણે દુનિયામાં કરોડો માણસો રેશનાલિસ્ટ બન્યા છે. હવે રેશનાલિસ્ટોનો આંકડો એક અબજને આંબવા માટે આગળ વધે છે. આથી આપણી સત્યશોધક સભા દ્વારા, અન્ય રીતો અને માધ્યમો દ્વારા કે અંગત રીતે આપણે રેશનાલિસ્ટો રેશનાલિઝમનો સતત પ્રચાર–પસાર કરે તો આ દિશામાં ઘણું આગળ વધાય. ખાસ ખ્યાલ રાખવો કે આ પ્રચાર–પસારમાં ઝનૂન નહીં આવી જાય અને 'હમ સચ'નું અભિમાન પણ નહીં આવે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

## દયાનંદ સરસ્વતી : 'સત્યાર્થ પ્રકાશક'માં

**પ્રશ્ન** : શું પુરાણોમાં બધી જ વાતો જૂઠી છે કે પછી તેમાં કોઈ વાત સાચી પણ છે ?

**ઉત્તર** : પુરાણોમાં ઘણીબધી વાતો જૂઠી છે અને ઘુણાક્ષર ન્યાયથી (ઘુણાક્ષર–ન્યાય એટલે ઘુણ નામના કીડાએ લાકડામાં કોતરેલ અક્ષર જેવા આકારની જેમ) કોઈ વાત સાચી પણ છે. જે વાત સાચી છે એ વેદ વગેરે શાસ્ત્રોની છે અને જે જૂઠી વાતો છે એ બધી પોપોના પુરાણરૂપ ઘરની છે.

શિવપુરાણવાળાએ શિવથી, વિષ્ણુપુરાણવાળાએ વિષ્ણુથી, દેવીપુરાણવાળાએ દેવીથી, ગણેશખંડવાળાએ ગણેશથી, સૂર્યપુરાણવાળાએ સૂર્યથી અને વાયુપુરાણવાળાએ વાયુથી સૃષ્ટિની ઉત્પત્તિ અને પ્રલય થાય છે તેમ લખીને, પાછી એ એક એકથી એક એકની એટલે કે જે જગતનાં કારણ (ઉત્પત્તિકર્તા) લખ્યાં તેમની એટલે કે શિવ, વિષ્ણુ વગેરેની ઉત્પત્તિ પણ લખી છે. હવે જો કોઈ એ લોકોને એમ પૂછે કે, જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર છે, તે કદી ઉત્પન્ન થઈ શકે ? અને જે ઉત્પન્ન થાય તે કદી સૃષ્ટિનું કારણ હોઈ શકે ? તો કેવળ ચૂપ રહ્યા સિવાય તેમની પાસે બીજો કોઈ જ ઉપાય બચતો નથી.

શ્રી કૃષ્ણજી પર દૂધ, દહીં, માખણ વગેરેની ચોરી લગાડી, કુબજા દાસી સાથે સમાગમ તથા પરસ્ત્રીઓ સાથે રાસમંડળમાં ક્રીડા કરી વગેરે મિથ્યા દોષો લગાડયા છે. એ વાંચી–વંચાવીને અને સાંભળી–સંભળાવીને બીજા મતવાળા લોકો શ્રીકૃષ્ણજીની બહુ જ નિંદા કરે છે અને આ ભાગવત પોપદેવનું બનાવેલું છે, જેના ભાઈ જયદેવે 'ગીતગોવિંદ' બનાવ્યું છે.

## પાઠકજી નિબંધ સ્પર્ધા

પ્રમોદચંદ્ર પાઠકજી નિબંધ સ્પર્ધા (સત્તરમી સ્પર્ધા) તા. ૧૨–૨–૨૪ ને સોમવારે સવારે ૧૦.૩૦ થી ટી. ઍન્ડ ટી. વી. સાર્વ. હાઈસ્કૂલ, નાનપુરા મુકામે યોજાશે. કારોબારી સભ્યોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

**મોહનભાઈ પટેલ**

તા. ૧૦–૧–૨૪ ઈનચાર્જ

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**